# યુનિવર્સિટીનાં વિદ્યાર્થીઓનાં આરોગ્ય પર હવે મોટું સંકટ

## અમદાવાદ સહિત સમગ્ર ગુજરાતમાં ડેંગ્યુ અને કોલેરા સહિતના રોગચાળાનો આતંક વધ્યો છે ત્યારે તંત્ર ઉદાસીન

અમદાવાદ, તા.૨

અમદાવાદ સહિત સમગ્ર ગુજરાતમાં ડેન્ગ્યુ અને કોલેરા સહીતનાં રોગચાળાનોં આતંક વધતો જાય છે.ત્યારે જયાં હજારો વિદ્યાર્થીઓ રોજબરોજ મુલાકાત લેતા હોય છે. તેવી ગુજરાત યુનિવર્સિટીમાં જ વિદ્યાર્થીઓનાં સ્વાસ્થ્ય સામે બેદરકારી દાખવવામાં આવી છે યુનિવર્સિટી કેમ્પસમાં અનેક જગ્યાએ ગટરોનું પાણી ઉભરાઈને ભરાઈ રહે છે. તેમજ મચ્છરોનો ઉપદ્વ પણ વધ્યો છે. તેમ છતાં યુનિવર્સિટી તંત્ર દ્વારા કોઈ પગલા ન લેવાતા વિદ્યાર્થીઓ પણ ડેન્ગ્યુ અને કોલેરા જેવા રોગોનાં ભોગ બને તેવી આશંકા સેવાઈ રહી છે. પ્રાપ્ત થતી માહિતી મુજબ રાજયની મોટી ગણાતી ગુજરાત યુનિવર્સિટી રોજરોજ હજારો વિદ્યાર્થીઓની અવરજવર રહે છે. આ ઉપરાંત યુનિવર્સિટી હોસ્ટેલોમાં પણ મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓ વસવાટ કરે છે. ત્યારે આ વિદ્યાર્થીઓ ડેન્ગ્યુ કે મેલેરિયાના ભરડામાં ફસાઈ જાય તે પ્રકારની સ્થિતિ હાલ યુનિવર્સિટી કેમ્પસમાં જોવા મળી રહી છે. યુનિવર્સિટીનાં જે ગેટ પરથી વિદ્યાર્થીઓ અને મુલાકાતીઓની સૌથી વધારે અવરજવર રહે છે તેજ ગેટ આગળ ગટરની પાઈપલાઈન તુટી ગયેલી છે. જેથી ગટરનું ગંદુ પાણી રસ્તા ઉપર કેટલાય દિવસથી વહી રહ્યું છે. આ ઉપરાંત યુનિવર્સિટી કેમ્પસમાં ઠેરઠેર કચરાનાં ઢગલા ખડકાયેલા છે, જેનો પણ નિયમીત નિકાલ થથો નથી, જેનાં કારણે છેલ્લા કેટલાક સમયથી યુનિવર્સિટી હોસ્ટેલ, વિવિધ ભવનો, તેમજ વહીવટી બિલ્ડીંગને બાદ કરતાં તમામ જગ્યાએ મચ્છરોનો ઉપદ્રવ વધ્યો છે. જેનાં કારણે શહેરમાં વકરી રહેલ ડેન્ગ્યુ અને કોલેરા જેવા મચ્છરજન્ય રોગચાળાનો ચેપ યુનિવર્સિટીમાં પણ પ્રસરે તેવી આશંકા સેવવામાં આવી રહે છે. જો કે આ યુનિવર્સિટીનાં મેન ગેટ આગળજ ખડકાયેલા ગંદગીનાં ઢગ કોર્પોરેશનનાં સત્તાવાળાઓની નજર કેમ નથી પડી રહ્યા તે મોટો પ્રશ્ન છે. ઉલ્લેખનીય છે કે, ગત વર્ષે થલતેજની ડીએવી શાળામાં મચ્છર કરડવાથી એક વિદ્યાર્થીનું મૃત્યુ થયું હતું અને બીજા કેસમાં થોડા દિવસ પૂર્વે સેન્ટ ઝેવિયર્સ શાળામાં મચ્છર કરડતાં વિદ્યાર્થીને ડેન્ગ્યુ થવાની ફરીયાદ ઊઠી હતી, તેમ છતાં મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા પણ આવી સંસ્થાઓ સામે કાર્યવાહી કેમ કરવામાં આવતી નથી આવા સંજોગોમાં મચ્છર કરડવાથી કોઈ વિદ્યાર્થી ડેન્ગ્યુ થશે તો તેની જવાબદારી કોની તે એક પ્રશ્ન છે.

અમદાવાદમાં સરદાર વલ્લભભાઈ પટેલ આંતરરાષ્ટ્રીય વિમાની મથકથી મોટી સંખ્યામાં હજ માટે શ્રદ્ધાળુઓ રવાના થયા હતા.

**નાગદેવતાની પૂજા :** નાગ પાંચમના પાવન પર્વે ગ-માર્ગ પર વહેલી સવારથી નાગદેવતાની પૂજન-અર્ચનના કાર્યક્રમો યોજાયા હતા. ભાવપૂર્વક શિશ ઝૂકાવવા ભાવિકો મોટી સંખ્યામાં નાગદેવતાના મંદિરે ઉમટ્યા હતા. (તસવીર - દિપક જાની)

# જીપીએસસીના બધા પરીક્ષાર્થીની ઉત્તરવહી વેબસાઈટ પર મુકો

## વર્ગ-૧-૨ની પરીક્ષાના પરીણામોની વિસંગતતા દૂર કરવા માટે કોંગ્રેસના પ્રવક્તા ડો.મનિષ દોશીની જોરદાર માંગણી

અમદાવાદ, તા. ૨

જીપીએસસીની ૨૦૧૪માં આયોજીત વર્ગ-૧ અને ૨ની પરીક્ષાના આવેલા પરિણામમાં વ્યાપક પ્રમાણમાં વિસંગતતાઓ અને હજારો મેરીટ ધરાવતાં યુવાનો અન્યાયની લાગણી અનુભવી રહ્યા છે. જીપીએસસીના સત્તાધીશો ગુજરાતના યુવાનોની સાચી વાત સાંભળવા તૈયાર નથી તે ઘણી જ ગંભીર બાબત છે. ત્યારે રાજયના હજારો ઉચ્ચ કારકિર્દી ધરાવતા યુવાનોને જીપીએસસી દ્વારા સાંભળવામાં આવે અને ન્યાય આપે તેવી માંગ કરતા ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના પ્રવક્તા ડો.મનીષ દોશીએ જણાવ્યું હતું કે, ભારત દેશમાં યોજાતી જાહેર પરીક્ષામાં કોઈપણ સર્વિસ કમીશન અલગ-અલગ ભાષામાં પેપર કાઢતું નથી. તો ગુજરાત જાહેર સેવા આયોગે ગુજરાતના હજારો યુવાનોને અન્યાય થાય તે રીતે સ્વચ્છંદી અને તઘલખી નિર્ણય કેમ કર્યો? કોના લાભ માટે આ નિર્ણય કરવામાં આવ્યો? જીપીએસસીની વર્ગ-૧-૨ને પરીક્ષા છેલ્લા૧૩ વર્ષમાં માત્ર બે વખત જ આયોજન થયું છે. લાખો યુવાનો પોતાની કારકિર્દી માટે વર્ષોથી રાહ જોતા હોયછે, ત્યારે ગુજરાત જાહેર સેવા આયોગ દ્વારા પરીક્ષા અંગે અનેક શંખા ઉભી થાય છે.

સમગ્ર દેશણાં જાહેર સેવા આયોગ દ્વારા લેવાતી પરીક્ષાઓમાં પરિણામોમાં પસંદગીનું પ્રમાણ કુલ જગ્યાના ઓછામાં ઓછા દસ ગણા અને વધુમાં વધુ ૫૦ ગણા હોય છે. તો પછી ગુજરાત જાહેર સેવા આયોગ કેમ ઓછા યુવાનોને પસંદ કરે છે? શું આ ગુજરાતના હજારો યુવાનો માટે અન્યાય કર્તા નથી? ગુજરાત જાહેર સેવા આયોગની વર્ગ ૧-૨ની પરીક્ષા આપનાર હજારો તેજસ્વી યુવાનોના ભવિષ્ય સાથે છેડછાડ ન થાય અને મેરીટ આધારિત પારદર્શક પ્રક્રિયા હાથ ધરાય તે માટે કોંગ્રેસ પક્ષના પ્રવક્તા ડો.મનીષ દોશીએ માંગ કરી હતી કે, પરીક્ષા આપનાર તમામ યુવાનોની જવાબવહી વેબસાઈટ પર પ્રસિદ્ધ કરવામાં આવે.

# વડોદરામાં કોમી હિંસા બાદ સંપૂર્ણ શાંતિ : મજબુત સુરક્ષા

વડોદરા, તા.૨

વડોદરા શહેરના લાલપુરા વિસ્તારમાં ભડકી ઉઠેલી કોમી હિંસા બાદ હવે સાવચેતીના તમામ પગલા લઈને મજબુત સુરક્ષા રાખવામાં આવી છે. તમામ જગ્યાએ મજબુત સુરક્ષા રાખીને કોઈ અનિચ્છનિય બનાવ ન બને તે માટે તકેદારી રાખવામાં આવી રહી છે. ગઈકાલે મોડી રાત્રે બે સમુદાયના લોકો આમને-સામને આવી ગયા હતા. નજીવી બાબતે ઝઘડો થયા બાદ સામસામે પથ્થરમારો કરાયો હતો. જેથી ભારે તંગદીલી ફેલાઈ ગઈ હતી. આજે સ્થિતિ શાંતિપૂર્ણ રહી હતી પરંતુ સુરક્ષા મજબુત રાખવામાં આવી છે. પોલીસે તાત્કાલિક ઘટના સ્થળે પહોંચી ને પરિસ્થિતિ વધુ વણસે તે પહેલા નિયંત્રણમાં લઈ ચુસ્ત બંદોબસ્ત ગોઠવી દીધો હતો. સૂત્રો મુજબ શહેરના લાલપુરા વિસ્તારમાં ગત મોડી રાત્રે બે કોમના યુવકો વચ્ચે નજીવી બાબતે ઝઘડો થયો હતો. ઝઘડો વધુ ઉગ્ર બનતા બંને જુથો સામસામે આવી ગયા હતા. બંને જુથો એ પથ્થરમારો કર્યો હતો. જેથી વાતાવરણ તંગ બની ગયુ હતું. એક યુવક બાઈક લઈને પસાર થઈ રહ્યો હતો. તે દરમીયાન બાઈક સવાર યુવકને અન્ય એક યુવક સાથે બોલા ચાલી થઈ હતી. આ મામલો વધુ બિચકતા સામસામે આવી ગયા હતા અને મારામારી તેમજ પથ્થરમારો શરૂ કર્યો હતો આ ઘટનામાં ઈજાગ્રસ્ત યુવકને સારવાર અર્થે સયાજી હોસ્પિટલ ખસેડવામાં આવ્યા હતા. આ ઘટનાની જાણ શહેરમાં ફરી વળતા લોકોના ટોળા એકઠા થઈ ગયા હતા. આ ઘટનાની જાણ પોલીસને કરતાં તાત્કાલિક ઘટના સ્થળે પહોંચી આવી હતી અને મામલાને થાળે પાડી દીધો હતો. આ ઘટના બાદ પોલીસે સમગ્ર વિસ્તારમાં સુરક્ષાનો ચાંપતો બંદોબસ્ત ગોઠવી દીધો હતો અને સઘન પેટ્રોલીંગ શરૂ કરી દીધુ હતું. આ અંગે પોલીસે રાયોટિંગનો ગુનો નોંધી આગળની કાર્યવાહી હાથ ધરી છે.

**અજાણ્યા વાહનની ટક્કર :** શહેરના ઘ-૦ સર્કલ પાસે અજાણ્યા વાહનની ટક્કરમાં ગાયને ગંભીર ઈજાઓ થઈ હતી. જીવદયાપ્રેમીઓએ ઉપસ્થિત રહી સારવારના પ્રયાસો હાથ ધર્યા હતા.

# ભાગવત વિદ્યાપીઠમાં શ્રીકૃષ્ણ જન્મઉત્સવની ઉજવણી કરાશે

અમદાવાદ, તા. ૨

ભાગવત વિદ્યાપીઠ સોલા ખાતે ૫ સપ્ટેમ્બર, ૨૦૧૫ને જન્માષ્ટમીનાં દિવસે શ્રી કૃષ્ણ જન્મોત્સવ ઉજવણી સહિતનાં વૈવિધ્યપૂર્ણ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું છે. છેલ્લા ૪૧ વર્ષોથી જનહીતમાં કાર્ય કરતી રાજયની જાણીતી સંસ્થા ભાગવત વિદ્યાપીઠમાં દર વર્ષે જન્માષ્ટમીનો ઉત્સવ ધામધૂમથી ઉજવવામાં આવેછે. આ ઉત્સવ પ્રસંગે સંકુલમાં દર્શન માટે ત્રણ લાખથી પણ વધુ વ્યક્તિઓ સવારે ૭:૦૦થી રાત્રે ૧:૦૦ દરમિયાન દર્શન માટે આવે છે. જન્માષ્ટમીનાં તહેવારોને અનુલક્ષીને ભાગવત વિદ્યાપીઠ દ્વારા ૪ અને તા. ૫ સપ્ટેમ્બર, ૨૦૧૫ નાં રોજ વૈવિધ્યસભર કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું છે. તેમાં આ વર્ષે સંસ્કૃત પ્રદર્શતીનું આકર્ષણ પણ મુખ્ય બની રહેશે. આ અંગે માહિતી આપતા ભાગવત વિદ્યાપીઠનાં ભાગવત ઋષિએ જણાવ્યું હતું કે, આ વર્ષે તા. ૪ સપ્ટેમ્બર, ૨૦૧૫ નાં રોજ ભાગવતનાં દશમ સ્કંધનાં ભ્રમર ગીત પર આધારિત ધાર્મિક નાટક બ્રીજ કો છોડ ચલે ધનશ્યામ મંદિર પરિસરમાં સાંજે ૭:૩૦ કલાકે ભજવાશે. તા. ૫ સપ્ટેમ્બર, ૧૫ નાં રોજ જન્માષ્ટમીનાં દિવસે સવારે ૭:૧૫ થી ૮:૪૫ કલાકે સુધી પંચામૃત સ્નાનનો કાર્યક્રમ હશે. સાંજે ૭:૩૦ થી ૧૧:૦૦ કલાક સુધી મોસમ-મસકા દ્વારા નૃત્ય પ્રસ્તુતિ તથા જયદીપભાઈ મહેતા અને સાંથી વૃદ દ્વારા શ્રી કૃષ્ણ ભક્તિ સંગીતનાં કાર્યક્રમો યોજાશે. રાત્રે ૧૧:૩૦ થી ૧૨:૦૦ સુધી શ્રી કૃષ્ણ જન્મોત્સવનું આયોજન કરવામાં આવ્યું છે. ભાગવત ઋષિએ વધુમાં જણાવ્યું હતું કે, શ્રીમદ ભાગવત, શ્રીમદ ભાગવત ગીતા, વેદો, અને ઉપનિષદોમાં સંસ્કૃત ભાષા અને તેના દ્વારા સંસ્કૃત ભાષાની ભારતીય સંસ્કૃતિ સાથે વણાવેલી વાતોનાં જ્ઞાનને સંસ્કૃત પ્રદર્શની રૂપે રજુ કરવામાં આવશે. આ પ્રદર્શન પણ ભક્તો માટે આકર્ષણરૂપ બની રહેશે.

# મોરલ પટેલ નાસામાં પ્રોજેક્ટ રજુ કરવા માટે ખૂબ જ ઉત્સુક

અમદાવાદ, તા. ૨

સામાન્ય રીતે અમેરિકાની પ્રખ્યાત અવકાશ સંશોધન સંસ્થા નાસામાં જઈને સ્પેસ સાયન્સનો અભ્યાસ કરવો એ દરેક વિદ્યાર્થીનું એક સ્વપ્ન હોય છે. ત્યાર અમદાવાદની એક વિદ્યાર્થીનીને નાસામાં પોતાનો પ્રોજેક્ટ રજુ કરવાની તક મળી છે. જેનાં પગલે આ વિદ્યાથી મિશન મિસાઈલ નામનો પોતાનો પ્રોજેક્ટ લઈને આજે અમદાવાદથી વોશિંગ્ટન જવા રવાના થઈ હતી. ગુજરાતમાં વિજ્ઞાન પ્રવાહમાં પ્રવેશ મેળનાર મોટાભાગના વિદ્યાર્થીઓ ડોકટર કે એન્જિન્યર થવા માંગતા હોય છે. તેમનાં પરિવારજનોની પણ વિદ્યાર્થીઓ પાસે આજ અપેક્ષા હોય છે. જેનાં કારણે ગુજરાતમાંથી વૈજ્ઞાનીકો કે શંસોધકો મોટી સંખ્યામાં તૈયાર થતા ન હોવાનું ચિત્ર રાષ્ટ્રીય અને આંતરાષ્ટ્રીય સ્તરે ઉપસી રહ્યું છે. ત્યારે અમદાવાદનાં સોલા વિસ્તારમાં આવેલી એક ખાનગી સ્કુલમાં ધોરણ-૧૧ માં અભ્યાસ કરતી મોરલ પટેલ નામની વિદ્યાર્થીની આંખોમાં વૈજ્ઞાનિક બનવાનું સ્વપ્ન સજાવી અમેરીકી અવકાશી સંશોધન સંસ્થા નાસા સમક્ષ પોતાનો પ્રોજેક્ટ રજુ કરવા રવાના થઈ છે. આ વિદ્યાર્થીનીએ પોતાનાં સહપાઠીઓ, શાળાઓ, શિક્ષકો અને અમદાવાદથી અવકાશી સંશોધન સંસ્થા ઈસરોનાં વૈજ્ઞાનિકોની મદદની મિશન મિસાઈલ નામનો એક પ્રોજેક્ટ તૈયાર કર્યો છે. જેને નાશા સમક્ષ રજુ કરવામાં આવશે. સામાન્ય રીતે નાશામાં તાલીમ લઈને વૈજ્ઞાનિક બનવું એ દરેક વિદ્યાર્થીનું સ્વપ્ન હોય છે પણ તેમાંથી તક ભાગ્યેજ કોઈકને મળતી હોય છે.

ત્યાર મોરલ પટેલ પોતાને મળેલી આ તકનો ફાયદો ઉઠાવવા માંગે છે. તે નાશામાં પોતાનો પ્રોજેક્ટ રિપોર્ટ રજુ કરવા ઉપરાંત નિષ્ણાંત વૈજ્ઞાનિકો પાસેથી અવકાશ વિજ્ઞાન અને ખગોળશાસ્ત્રની તલસ્પર્શી માહિતી મેળવશે. સાથે જ નાસાનાં વૈજ્ઞાનિકો દ્વારા અત્યારે ચલાવવામાં આવી રહેલ વિવિધ પ્રોજેક્ટ અંગે પણ માહિતી મેળવશે મોરલ પટેલ આજે અમદાવાદથી વોશિગ્ટન જવા રવાના થઈ હતી. જો કે આ પહેલા આજે શાળા દ્વારા મોરલ પટેલના માનમા એક કાર્યક્રમનુ આયોજન કરવામાં આવ્યું હતું.

# જે.એમ. ચૌધરી કન્યા વિદ્યાલય ખાતે શિક્ષકદિની ઉજવણી કરાઈ

ગાંધીનગર, તા. ૨

શહેરના સેક્ટર-૭ ખાતે આવેલી જે.એમ. ચૌધરી શાળામાં તાજેતરમાં શિક્ષકદિનની ઉજવણી કરવામાં આવી હતી. આ ઉજવણીમાં ધો. ૯ થી ૧૨ના વિદ્યાર્થી ભાઈ-બહેનો જોડાઈને વિદ્યાર્થીઓને એક દિવસીય શિક્ષણ કાર્ય કરાવ્યું હતું. સુંદર શિક્ષકની કામગીરી બદલ વિદ્યાર્થીઓને ઈનામ વિતરણ કરવામાં આવ્યા હતા.

ડૉ. સર્વપલ્લી રાધાકૃષ્ણની યાદમાં શિક્ષકદિન ઉજવાય છે. આ દિવસે શાળામાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ શિક્ષક બની શિક્ષણ કાર્ય કરાવે છે. તેમજ શિક્ષકને વિદ્યાર્થીઓને અભ્યાસ કરાવતી વખતે કેવી તકલીફનો સામનો કરવો પડે છે તેની પ્રતિતિ થાય છે. શહેરની જે.એમ. ચૌધરી શાળામાં તાજેતરમાં શિક્ષકદિન ઉજવાયો હતો. જેમાં ધો. ૯ થી ૧૧ના વિદ્યાર્થી ભાઈ-બહેનોએ એક દિવસીય શિક્ષણકાર્ય શાળામાં આવેલા વિદ્યાર્થીઓને કરાવી શિક્ષકની ફરજ અદા કરી હતી. ખુબ જ સુંદર શિક્ષણકાર્ય કરનાર વિજેતાઓમાં માધ્યમિક વિભાગમાં પ્રથમ ક્રમે મીત નાયક, દ્વિતિય ક્રમે દર્ગેશ ચાવડા, શ્રોત્રિય જન્મેજય, તૃતિય ક્રમે બારોટ રવિ, દુષ્યંત ડાભીએ મેળવ્યો હતો. તેમજ ઉચ્ચત્તર માધ્યમિક વિભાગમાં પ્રથમ ક્રમ ખ્યાતી ઉપાધ્યાય શેકાલી પંચાલ, દ્વિતિય ક્રમ અંજલિ ગોલ, તૃતિયક્રમ સાવિત્રિ ચુડાસમા અને રાણા શેતલે મેળવ્યો હતો. સુંદર કાર્યક્રમનું આયોજન મનોરંજન મંત્રી ઉષા દરજીએ કર્યું હતું. શિક્ષણ દિન કાર્યક્રમમાં જોડાયેલા તમામ વિદ્યાર્થીનીઓને શાળાના આચાર્ય પ્રવિણાબેન ચૌધરી અને સ્ટાફે અભિનંદન પાઠવ્યા હતા.

## હડતાલથી

● અનુસંધાન પહેલાનું ચાલુ

લાઈનો જોવા મળી હતી. આશરે ૧૫ કરોડ જેટલા વર્કરો આ રાષ્ટ્રવ્યાપી હડતાલમાં જોડાયા હતા.

સરકારી બેંકો અને સરકારી બિન જીવન વીમા કંપનીઓના કર્મચારીઓ હડતાળ પર ઉતરી ગયા છે. જનરલ ઈન્સ્યોરન્સ એમ્પ્લોઈઝ ઓલ ઈન્ડિયા એસોસિએશનના સંયુક્ત સચિવ કે. ગોવિન્દને કહ્યુ છે કે મજુર વિરોધ અને મજુર સંગઠન વિરોધી નીતિઓના કારણે આ હડતાળ કરવામાં આવી હતી. તેમણે કહ્યુ હતુ કે શ્રમિકોની કિંમત પર શ્રમ કાયદામાં કર્મચારીઓના હિતમાં સુધાર કરવાના ખુલ્લા પ્રયાસ કરવામાં આવી રહ્યા છે. તેમણે દાવો કર્યો હતો કે ૧૪ બેંક શ્રમિક સંઘ દ્વારા હડતાળને ટેકો જાહેર કરવામાં આવ્યો હતો. આજની હડતાળના કારણે સ્પીડ પોસ્ટ, ટપાલ સાથે સંબંધિત તમામ સેવાને માઠી અસર થઈ હતી. હડતાળના કારણે આજે ટપાલ વિભાગમાં કોઈ કામગીરી થઈ નહતી. આ ઉપરાંત બેંકિગ, એલઆઈસી, વીજળી, આવકવેરા, પરિવહન સેવાને પણ માઠી અસર થઈ હતી. એસબીઆઈ અને ઈન્ડિયન ઓવરસીઝ બેંક સિવાય તમામ રાષ્ટ્રીયકૃત બેંકોના કર્મચારીઓ હડતાળમાં સામેલ થયા હતા. જેના કારણે આશરે ૧૫૦૦ શાખામાં કોઈ કામગીરી થઈ રહી નથી. કેટલીક માંગ ખુબ નક્કર દેખાઈ રહી છે. જેમાં યુનિયન બન્યા બાદ ૪૫ દિવસની અંદર તેની નોંધણી થઈ જાય તેવી માંગ પણ કરવામાં આવી છે. અન્ય કેટલીક જટિલ માંગણીઓ પણ છે. જેને લઈને સરકાર અને ટ્રેડ યુનિયનો વચ્ચે વાતચીત થઈચુકી છે. પરંતુ વાતચીત સફળ રહી નથી. સેન્ટ્રલ ટ્રેડ યુનિયનોની સુચિત શ્રમ સુધારા સામેના વિરોધમાં આજે રાષ્ટ્રવ્યાપી હડતાલ રહી હતી.

## દુષ્કાળનું વર્ષ

● અનુસંધાન પહેલાનું ચાલુ

એકંદરે મોનસુની વરસાદ ૮૮ ટકાની આગાહી કરતા પણ એક અથવા બે ટકા ઓછો રહી શકે છે. જુન મહિનામાં આ મુજબની આગાહી કરવામાં આવી હતી. વિશ્વ હવામાન વિભાગે મંગળવારના દિવસે કહ્યું હતું કે, વર્તમાન અલનીનોની સ્થિતિ પ્રવર્તી રહી છે જેથી વિશ્વના કેટલાક ભાગોમાં દુષ્કાળનું હવામાન રહેલું છે. જ્યારે અન્ય ભાગોમાં પુરની સ્થિતિ સર્જાઈ છે. ઓક્ટોબર અથવા તો જાન્યુઆરી મહિનામાં સ્થિતિમાં સુધાર થઈ શકે છે. રાઠોડનું કહેવું છે કે, મોનસુન આ પખવાડિયામાં રાજસ્થાનમાંથી પીછેહઠ કરવાની શરૂઆત કરી દેશે. આની સાથે જ ખેડૂતો પાસે શિયાળાના પાકની વાવણી માટે વધારે ભેજની સ્થિતિ રહેશે નહીં. અલબત્ત ગયા વર્ષે પણ ઓછો વરસાદ થયો હતો. પરંતુ ખેડૂતો માટે પુરતા પ્રમાણમાં ભેજની સ્થિતિ હતી, જેથી ઓક્ટોબરથી ઘંઉની ખેતી શરૂ થઈ હતી. મોનસુન ભારતમાં ૭૫ ટકાથી વધુ વરસાદ ઉપલબ્ધ કરાવે છે. ૨૦૧૪માં સરેરાશ કરતા ૧૨ ટકા ઓછો વરસાદ રહ્યો હતો. જેથી અનાજના ઉત્પાદનમાં પાક વર્ષમાં ૪.૭ ટકાનો ઘટાડો થયો હતો.

## બેઠક યોજાઈ

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

કરવામાં આવી હતી. પંચાયતની આવી રહેલી ચૂંટણીઓને ધ્યાને રાખી તૈયારીઓ કરવાનો સંકેત પણ આ બેઠકમાં આપવામાં આવ્યો હતો.

ખાસ કરીને ટીફીન બેઠકો તેમજ સંગઠનના આવી રહેલા વિવિધ કાર્યક્રમોમાં સક્રિય યોગદાન આપવા અંગેનો અનુરોધ પણ સભ્યોને કરવાની સાથે સાથે મત વિસ્તારના પ્રશ્નો પણ ઝડપથી ઉકલે તેના પર ધ્યાન આપવા જણાવાયુ હતુ.

## હરિફાઈ યોજાશે

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

અનુક્રમે રૂપિયા ૫ લાખ, રૂ- ૩ લાખ તેમજ અને રૂ- ૨ લાખ પ્રોત્સાહક ઈનામ આપવાની જાહેરાત કરવામાં આવી છે. જયારે જિલ્લા કક્ષાની શ્રેષ્ઠ શાળાને રૂપિયા ૧ લાખનુ ઈનામ એનાયત કરવામાં આવશે. આ અન્વયે જિલ્લાની કચેરીને ગત તા ૧૪ ઓગષ્ટથી પરિપત્ર કરી દેવામાં આવ્યો છે.રાજયની તમામ સરકારી અનુદાનિત તેમજ માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓ આ હરિફાઈમાં જોડાય તે માટે પણ અપીલ કરવામાં આવી છે. અલબત્ત આ યોજનાના અન્વયે મહત્તમ શાળાઓ જોડાય તે અંગે શાળાના આચાર્યોને પણ જાણ કરવામાં આવી છે. જયારે વધુ માહીતી માટે જિલ્લા શિક્ષણાધિકારીનો સંપર્ક કરવા જણાંવાયુ છે.

## આંતરિક રસ્તાઓ

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

કામ પણ હાથ ધરવા માટે આયોજન કરવામાં આવ્યુ છે. સેકટર ૧ થી ૫ ના આંતરિક માર્ગોનુ રિસરફેસીંગ પણ ૪ વર્ષ પૂર્વે કરવામાં આવ્યુ હતુ. જેના પરિણામે આ રસ્તાઓની સુધારણા અનિવાર્ય બની છે. આ ઉપરાંત શહેરના જુના સે ૬ થી ૧૯ માં પણ કેટલાક રસ્તાઓનુ કામ હજુ અધુરુ છે. જેના લીધે બાકીની કામગીરી પણ આવરી લેવાશે. નવા અને જુના સેકટરોમાં માર્ગ નવિનીકરણની કામગીરી અન્વયે રૂપિયા ૬ કરોડનો ખર્ચ કરવામાં આવશે.





**કાર્યપાલક ઈજનેર અરવલ્લી પંચાયત મા.મ. વિભાગ, મોડાસા**

**જાહેર નિવિદા નં. ૧૩/૨૦૧૫-૨૦૧૬નો સુધારો-૪**

સંદેશ વર્તમાનપત્રમાં પ્રસિદ્ધ થયેલ ઉક્ત નિવિદામાં નીચે મુજબનો સુધારો કરવામાં આવેલ છે.

| | |
|---|---|
| ઓનલાઈન અપલોડ કરવાની તારીખ | ૭-૯-૨૦૧૫ |
| ઈજારદારશ્રીઓએ ઓનલાઈન ડાઉનલોડ કરવાની તારીખ | ૭-૯-૨૦૧૫ થી ૧૪-૯-૨૦૧૫ |
| બાનાની રકમ ટેન્ડર ફી, બેંક સોલવંશી તથા અન્ય દસ્તાવેજ રજૂ કરવાની તારીખ | ૧૫-૯-૨૦૧૫થી ૨૨-૯-૨૦૧૫ |
| ટેકનીકલ બીડ/પ્રાઈસ બીડ ખોલવાનીતારીખ | ૧૫-૯-૨૦૧૫ |

વિગતવાર નિવિદા www.statetenders.com પર જોવા મળશે. તેમજ ઓનલાઈન ટેન્ડરો www.nprocure.com પરથી ડાઉનલોડ કરી શકાશે. અન્ય વિગતો મુળ નિવિદા મુજબ યથાવત રહેશે. જેની સંબંધકર્તાઓએ નોંધ લેવી.

કાર્યપાલક ઈજનેર
સા.કાં. પંચાયત મા.મ. વિભાગ
હિંમતનગર

કમાંક ના.મા.નિ./હિંમત/૨૯૫/૨૦૧૫

**જાહેરાત**

**ગુજરાત ઠાકોર અને કોળી વિકાસ નિગમ, ગાંધીનગર**

બ્લોક નં. ૧૬, ભોંયતળિયે, ડૉ. જીવરાજ મહેતા ભવન, સેક્ટર-૧૦, ગાંધીનગર-૩૮૨૦૧૦
ફોન નં. (૦૭૯) ૨૩૨૫૬૪૮૬, ૮૮, ફેક્સ નં. (૦૭૯) ૨૩૨૪૧૪૭૮
CIN : U 91990 GJ 2003 NPL 42945, ઈમેલ : md-gtkvn@gujarat.gov.in
વેબસાઈટ : www.sje.gujarat.gov.in/gtkvn

**ઉચ્ચ શૈક્ષણિક અભ્યાસ માટે લોનની યોજના**

- ઠાકોર અને કોળી જાતિના વિદ્યાર્થીઓને સ્નાતક અને અનુસ્નાતક કક્ષાના માન્ય સંસ્થાઓના ઉચ્ચ વ્યવસાયિક / ટેકનીકલ / તબીબી અભ્યાસક્રમો માટે મહત્તમ રૂ. ૧૦ લાખ સુધીની લોન આફવાની યોજના છે.
- અરજદાર કુટુંબની કુલ વાર્ષિક આવક (અ) ગ્રામ્ય વિસ્તાર માટે રૂ. ૯૮,૦૦૦/- (બ) શહેરી વિસ્તાર માટે રૂ. ૧,૨૦,૦૦૦/-થી વધુ ન હોવી જોઈએ.
- વધુ વિગતો અને ફોર્મ નિગમની વેબસાઈટ ઉપરથી મળશે અથવા કચેરીનો સંપર્ક સાધવા વિનંતી.

જશવંત ગાંધી
મેનેજીંગ ડીરેક્ટર

નંદાજી વી. ઠાકોર
અધ્યક્ષ

માહિતી/૧૩૪૫/૨૦૧૫-૧૬